# શહેરમાં ગટર-પાણીની લાઈનમાં લીકેજ : રોગચાળાની ભીતિ

## વરસાદની મોસમમાં અખાદ્ય પદાર્થોનો વેપલો પણ વધ્યો : શહેરમાં પાણી ભરાવાથી મચ્છરોની ડેન્સીટી પણ વધી

ગાંધીનગર, તા. ૧૬ શહેરમાં કોરોનાના ભય વચ્ચે બિમારીઓનો પણ ભય વધવા પામ્યો છે. શહેરમાં ગટર-પાણીની પાઈપલાઈનોમાં લીકેજના કારણે પાણીજન્ય રોગચાળો



વકરવાની સંભાવના છે. ચોમાસાના દિવસોમાં દર વર્ષે પાણીજન્ય રોગચાળો વકરતો હોય છે જેથી આરોગ્યતંત્રએ પણ ગંભીરતા દાખવવી પડશે. મળતી માહિતી મુજબ ગાંધીનગરના કોલવડા ખાતે પાણીજન્ય રોગચાળો વધ્યો છે. ત્યારે તંત્ર પણ દોડતું થયુ છે. શહેરમાં ચોમાસા અગાઉ ઠેર ઠેર ખોદાણ કરવામાં આવ્યા જેમાં પાઈપલાઈનોમાં લીકેજ થયા છે. જેથી નાગરિકોને અત્યંત સાચવવું પડશે. ચોમાસાની ઋતુમાં પાણી ભરાઈ રહ્યા છે જેના કારણે મચ્છરોની ડેન્સીટી વધી રહી છે. મચ્છરોના કારણે પણ બિમારીઓ વધવાની દહેશત છે. ગાંધીનગરમાં ખાનગી અને સરકારી દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. સામાન્ય તાવથી લઈ ડેન્ગ્યુ, મેલેરિયા જેવા કેસોમાં વધારો થયો છે. વરસાદની મોસમમાં શહેરીજનોને ખાન-પાનમાં ખૂબ ધ્યાન રાખવા માટે ડોક્ટરો સલાહ આપે છે. પરંતુ ખાણી-પીણીની દુકાનોમાં ભીડ જોવા મળી રહી છે. સામાન્ય દિવસો કરતા પણ વધારે ભીડ હાલમાં જોવા મળે છે. લોકો સ્વીગી કરીને ઘરે મંગાવીને ખાય છે એટલે કે ઘરના સાત્વીક ભોજન કરતા બહારના ભોજન કરવામાં શહેરીજનોનો ઘસારો છે. જે આ દિવસોમાં બિમારી નોતરી શકે છે. વરસાદના કારણે રાત્રી દરમિયાન અજવાળામાં જીવડાઓ, ફૂદાઓ ફરતા હોય છે. તેવામાં હોટલ, રેસ્ટોરન્ટ કે અન્ય ખાણીપીણીના સ્ટોલ પર ખાતા પહેલા અવશ્ય લોકોએ વિચારવું જોઈએ. એક તરફ કોરોનાના કેસ વધી રહ્યા છે તો બીજી તરફ પાણીજન્ય રોગચાળો અને મચ્છરજન્ય રોગચાળો એટલે શહેરમાં દવાખાનાઓમાં દર્દીઓની સંખ્યામાં ઉછાળો થવાની દહેશત છે. આરોગ્ય વિભાગ તંત્ર દ્વારા શહેરીજનોના આરોગ્યની કાળજી માટે અખાદ્ય વસ્તુઓ માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

### અખાદ્ય પદાર્થોનો વેપલો ફૂલ્યો ફાલ્યો

પાણીપૂરી, ભેળ, કચોરી, દાબેલી, વડાપાઉ, પેટીસ જેવી વસ્તુઓ જેમાં બાફેલા બટાકા ઉમેરવામાં આવે છે તે આ ઋતુમાં બિમારી નોતરશે. જેમાં સવારથી બાફેલી વસ્તુઓ સાંજ સુધી વપરાતી હોય છે તે અખાદ્ય પદાર્થોથી શહેરીજનોને આ મોસમમાં ચટાકા મોંઘા પડી શકે છે. માંખીઓનો ઉપદ્રવ વધી રહ્યો છે જે આ જાહેરમાં મળતા ફાસ્ટ ફૂડ પર બણબણે છે. ખોરાકને અખાદ્ય બનાવે છે. અને બિમારીઓ વધે છે. ડૉક્ટરો પણ સલાહ આપે છે કે ચોમાસામાં બહારનું ખાવાનું ટાળવુ જોઈએ.

# વાવોલ અંડરપાસમાં કાદવ-કીચડ સર્જાયો

## ટુ-વ્હીલર ચાલકોને વાહન સ્લીપ થવાની ભિતી



ગાંધીનગર, તા. ૧૬ શહેરમાં વરસાદના કારણે પાણી ભરાવાની સમસ્યાઓ તો છે જ પરંતુ કાદવ-કીચડના કારણે વાહનચાલકોમાં હાલાકી ઉભી થઈ છે. ગાંધીનગમાં નવનિર્મિત અંડરપાસોમાં માટી એક તરફ આવી જતા કાદવ-કીચડ સર્જાયા છે. જેમાં વાહનો સ્લીપ થવાની સંભાવના છે.

વાવોલ અંડરપાસમાં પાણી ભરાવાની સાથે માટીથી કાદવકીચડ જોવા મળી રહ્યા છે. જેમાં ટુ વ્હીલર ચાલકોને વાહન સ્લીપ થઈ જવાની ભીતિ થઈ છે.

વરસાદમાં આ કાદવ-કીચડભર્યા માર્ગો પરથી પસાર થવુ મુશ્કેલ બની જાય છે. તંત્ર દ્વારા ઝડપથી અહીંયા સાફ-સફાઈ હાથ ધરાવવી જોઈએ. રાત્રી દરમ્યાન શહેરમાં સ્ટ્રીટલાઈટો પણ બંધ હાલતમાં જોવા મળે છે. જ્યારે કાદવ-કીચડમાં વાહન જતા કોઈને ગંભીર નુકસાન થઈ શકે છે.ત્યારે વરસાદમાં અંડરપાસમાં પાણી ભરાઈ રહે છે.

તેથી વાહનોને અહીંયાથી પસાર થવુ મુશ્કેલ બને છે. અને ટ્રાફીક સમસ્યા ઉભી થાય છે. હાલમાં અંડરપાસમાં કચરાના દ્દશ્યો પણ નજરે પડે છે. સાફ-સફાઈ કામદારોની યોગ્ય સફાઈના અભાવના કારણે કચરો જોવા મળી રહ્યો છે. ચોમાસામાં ગંદકીના થર સફાઈ કામદારોની ગંભીર બેદરકારી છે. ચોમાસા અગાઉ પાનખરમાં પડેલા કચરાને ઉઠાવવાની કામગીરી યોગ્ય રીતે ન થવાથી તે કચરો ગંદકી ઉભી કરી રહ્યા છે. વરસાદી દિવસોમાં તંત્રની કામગીરી છતી થાય છે. અંડરબ્રીજમાં વાહનો સ્લીપ થશે તો કોણ જવાબદાર રહેશે. આ કાદવ-કીચડ કોઈ નિર્દોષ વ્યક્તિનો જીવ લઈ શકે છે. તેથી અંડરપાસમાં થયેલી ગંદકી અને કાદવકીચડ દૂર કરવો અનિવાર્ય છે. વાવોલ તરફ જતા અંડરપાસમાં વાહનોની અવરજવર પણ વધવા પામી છે. ન્યુ વાવોલ વિસ્તારમાં વધતી જતી વસ્તીના કારણે વાહનોની અવરજવર વધી રહી છે. આ સાથે જ લીલા હોટલના નિર્માણ બાદ આ વિસ્તારમાં વાહનોની અવરજવર વધી રહી છે.

# ફાયર બ્રિગેડ માટે "બકરી કાઢતા ઊંટ પેઠું" જેવી સ્થિતિ સર્જાઈ..!!

## ગાંધીનગરના સેક્ટર -૩૦ ખાતે ખાડામાં પડેલી ગાયને કાઢવા માટે ગયેલી ફાયર બ્રિગેડની ગાડી જ ફસાઇ ગઇ : પોચીને નરમ જમીનમાં ફસાઈ જતાં જેસીબીની મદદ વડે બહાર કાઢવી પડી

ગાંધીનગર, તા.૧૬ ગાંધીનગરના વિવિધ સેક્ટરોમાં તંત્ર દ્વારા અનેક જગ્યાએ ખોદકામ કરી દેવામાં આવ્યું છે જેના પરિણામે વાહનચાલકો અને રાહદારીઓને પારાવાર હાડમારીનો સામનો કરવો પડી રહ્યો છે. હવે આવી હાડમારી માનવ જાત ઉપરાંત પશુઓને પણ ભોગવવાનો વારો આવ્યો છે. શુક્રવારે રાત્રે ગાંધીનગરના સેક્ટર -૩૦ ખાતે એક ખાડામાં ગાય પડી ગઈ હતી. આ ગાયને બહાર કાઢવા માટે સ્થાનિકો દ્વારા ફાયર બ્રિગેડનો સંપર્ક કરવામાં આવ્યો હતો જેથી ફાયર બ્રિગેડના જવાનોને લઈને જમાદાર પરસોત્તમભાઈ પરમાર તાત્કાલિક સ્થળ ઉપર ધસી ગયા હતા. જોકે સ્થાનિકોની જહેમતને કારણે, ફાયર ટીમ આવે ત્યાં સુધીમાં ગાય ખાડામાંથી બહાર આવી જવા પામી હતી. જોકે બીજી તરફ ગાયને ખાડામાંથી બહાર કાઢવા પંહોચેલી ફાયર બ્રિગેડની ગાડી પોતે જ ખાડામાં ફસાઈ જતા "બકરૂ કાઢતા ઊંટ પેઠું" જેવી સ્થિતિનું સર્જન થવા પામ્યું હતું. શુક્રવારે રાત્રે ખાડામાં ફસાયેલી ગાયને બહાર કાઢવા માટે ફાયર બ્રિગેડ ની ટીમ સેક્ટર -૩૦ ખાતે પહોંચી ગયા બાદ, તંત્રની બેદરકારીનો અનુભવ ફાયર બ્રિગેડને પણ થવા પામ્યો હતો. અત્યંત પોચી થઈ ગયેલી જમીનમાં ફાયર બ્રિગેડની ગાડી પણ ફસાઈ જવા પામી હતી. અનેક પ્રયત્ન કરવા છતાં ફાયર બ્રિગેડની આ ગાડીને બહાર કાઢવામાં સફળતા મળી ન હતી. પરિણામે જેસીબીને બોલાવવામાં આવ્યુંહતું. અંતે, જેસીબી ની મદદ વડે ફાયર બ્રિગેડની આ ગાડીને બહાર કાઢવામાં સફળતા પ્રાપ્ત થઈ હતી. આમ, ગાયને ખાડામાંથી



બહાર કાઢવા ગયેલી ફાયર બ્રિગેડની ગાડી પોતે જ ખાડામાં ફસાઈ જતા "બકરૂ કાઢતા ઊંટ પેઠું" જેવી સ્થિતિનું સર્જન થવા પામ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ફાયર બ્રિગેડની ગાડી ઉપરાંત અન્ય એક કાર પણ આ જ વિસ્તારમાં ફસાઈ જવા પામી હતી.



ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટના ઉપયોગથી શહેરમાં ઠેરઠેર વિકાસકાર્યો થઈ રહ્યા છે. સેક્ટર-૨૧માં નવી ગટરલાઈનનું કામ ચાલી રહ્યુ છે. સેક્ટર-૨૧ ચર્ચની સામે હાલમાં નવી ગટરલાઈન નાંખવાનું કામ ચાલી રહ્યુ હોવાથી પાઈપોનો ખડકલો જોવા મળી રહ્યા છે.

### ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા રોડ સેફ્ટી કમિટીની બેઠક યોજાઇ

ગાંધીનગર,તા. ૧૬ ગાંધીનગર જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટના ઓછી બને તે માટે તમામ તકેદારીના પગલા ભરવા માટે આજરોજ સંબંધિત અધિકારીશ્રીઓને ભારપૂર્વક જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ ગાંધીનગર જિલ્લા રોડ સેફટી કમિટીની બેઠકમાં જણાવ્યું હતું. ગાંધીનગર – ચિલોડા જવાના માર્ગ પર માર્ગ અકસ્માતમાં બી.એસ.એફ. જવાનનું મૃત્યૃ થયું તે અંગે દુ:ખ વ્યક્ત કરીને જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, માર્ગ અકસ્માતની મોટા ભાગની ઘટનાઓ વાહન ચાલકની ઉતાવળ, નિયમોનું યોગ્ય પાલન ન કરવા કે અન્ય કારણોસર થતી હોય છે. જિલ્લામાં માર્ગ અકસ્માતની ઘટના ઘટાડવા માટે જરૂર પડે ત્યાં સાઈન બોર્ડ, બમ્પ અને ડિવાઈટર બ્લોક જેવી કામગીરી કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. માર્ગ અકસ્માતની ઘટનાઓ ઘટે તે માટે વાહન ચાલકોમાં જાગૃત્તિ લાવવાના વિવિધ કાર્યક્રમનું આયોજન કરવા પણ જણાવ્યું હતું.

# મુખ્યમંત્રીએ રસીકરણનો પ્રારંભ કરાવ્યો અને બીજા દિવસે જ "ડોઝ" ખલાસ..!!

## વહેલાસર આવીને લાઇનમાં ઉભા રહી ગયેલાં નાગરિકોને ધરમધક્કાં : ડોઝ મર્યાદિત સંખ્યામાં આવતા હોવાનો કર્મચારીઓનો દાવો હોવાનું પરંતુ સત્ય કંઇક જુદું જ હોવાની નાગરિકોમાં ચર્ચા



ગાંધીનગર, તા.૧૬ ગાંધીનગરના સેક્ટર-૨૪ ખાતેના અર્બન હેલ્થ સેન્ટર ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અને આરોગ્ય મંત્રીઓએ શુક્રવારે કોવિડ પ્રતિરોધક વેક્સિનના બુસ્ટર ડોઝના રસીકરણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આશ્ચર્યની વાત તો એ છે કે આ રસીકરણ શરૂ થયાના બીજા દિવસે જ સવારે બુસ્ટર ડોઝ લેવા માટે નાગરિકોની લાઈન લાગી હતી પરંતુ અંદાજે ૧૧-૩૦ કલાકે સેક્ટર-૨૪ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે રસીના ડોઝ ખલાસ થઈ ગયા હતાં અને મોટાભાગના નાગરિકોને ધરમધક્કો પડ્યો હતો. આરોગ્ય તંત્ર દ્વારા ગઈકાલથી રાજ્યભરમાં કોરોના મહામારીના રસીકરણ અંતર્ગત બુસ્ટર ડોઝ આપવાની ઝુંબેશ ચાલુ કરવામાં આવી છે. આ રસીકરણ અભિયાનમાં ૧૮ થી ૬૦ વર્ષની ઉંમરના તમામ લોકોને આ વખતે રસીકરણમાં સમાવવામાં આવશે. આજ રોજ આશરે સવારે સાડા અગિયાર વાગે જ કલાકે સેક્ટર-૨૪ અર્બન્ હેલ્થ સેન્ટર ખાતે રસીના ડોઝ ખૂટી ગયા હતા, જેના પરિણામે લોકો રસી લીધા સિવાય ઘરે પાછું જવું પડ્યું હતું, અને વસાહતીઓ નિરાશ થયા હતા. તાજેતરમાં ગાંધીનગરમાં દિન પ્રતિદિન કોરોના મહામારીના કેસમાં ફરી વધારો થયો છે જેના પરિણામે વસાહતોમાં રસી લેવા બાબતે જાગૃતિ આવી હોવાથી આજે વસાહતીઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પહોંચ્યા હતા પણ થોડીવારમાં જ આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ જાહેરાત કરી કે "રસીના ડોઝ ખલાસ થઈ ગયા છે" જેના કારણે પોતાના કિંમતી સમયનો ઉપયોગ કરીને રસી લેવા આવેલાં નાગરિકો વિલા મોઢે પરત કર્યા હતા. આ પૈકી કેટલાંક નાગરિકોએ જણાવ્યું હતું કે હમણાં તો ચાલું કર્યુને એટલામાં જ ડોઝ કેવી રીતે ખલાસ થઈ ગયાં તો આરોગ્ય કેન્દ્રમાંથી જવાબ આપવામાં આવ્યો હતો કે "રસીના ડોઝ ખૂબ મર્યાદિત સંખ્યામાં આવે છે જેના કારણે ખલાસ થઈ ગયાં", જોકે કેટલાંક નાગરિકોને તો આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ દ્વારા રસીના ડોઝનો પોતાના મળતિયાઓ કે જાણ-પિંછાણવાળાઓને અથવા અન્ય રીતે કોઈને આપવાનું સેટીંગ કરવામાં આવતું હોવાથી નાગરિકો ને ના પાડી દેવામાં આવી હતી તેવા આક્ષેપો પણ કર્યા હતા.

# આજે સવારે સે.૨૨માં 'ફીટ્સ ઓન સ્ટ્રીટ' મેગા ઈવેન્ટ યોજાશે

## પ્લાસ્ટિક વેસ્ટમાંથી ઇકો બ્રિક્સ બનાવવા સહિતના વિવિધ સ્ટોલ્સ : સામાજિક જાગૃતિ, બિઝનેસ મીટ, શેરીનાટક, સ્વચ્છતાને લગતી આકર્ષક રમતો વગેરેનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬ ગાંધીનગર મહાનગર પાલિકા અને બાયોફિક્સ પ્રા.લિ.ના સંયુક્ત ઉપક્રમે મેગા ઈવેન્?ટ ''ફીટ્સ ઓન સ્ટ્રીટ''નું આયોજન તા.૧૭મી જુલાઈ, રવિવારના રોજ રવિવારે સવારે ૮:૩૦ કલાકે ગાંધીનગરના સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં સામાજિક જાગૃતિ કાર્યક્રમ, બિઝનેસ મીટ, શેરીનાટક, સ્વચ્છતાને લગતી આકર્ષક રમતો સહિત મનોરંજક પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ એક પ્રકારનો "ગ્રીન કાર્નિવલ" બની રહે તેવો તંત્રનો પ્રયાસ છે. આ "ગ્રીન કાર્નિવલ"થી નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતતા ફેલાવવા તેમજ કચરાના યોગ્ય નિકાલની માહિતી આપવા માટે જ્ઞાન સાથે ગમ્મત સમાન પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ ઉપરાંત કચરાના વ્યવસ્થાન અંગેની જાગૃતિ લાવી શકે તેવા નાટકો રજૂ કરવામાં આવશે. પર્યાવરણની જાગૃતી માટે વિવિધ એક્ઝિબિશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાના વધુમાં વધુ નગરજનોને આ ઈવેન્ટમાં સહભાગી થવા માટે જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ઈવેન્ટમાં સે.૨૨ના રંગમંચ ખાતે યોજાનાર એક્ઝિબિશનમાં "મારો કચરો મારી જવાબદારી" અંતર્ગત ગાંધીનગરને ઝીરો વેસ્ટ તરફ લઈ જવાના પ્રયાસના ભાગરૂપે પ્લાસ્ટિક વેસ્ટમાંથી ઈકો બ્રિક્સ બનાવવા સહિત હોમ કંપોસ્ટિંગ, સેગ્રિસેશન વગેરેને લગતાં ૨૦ જેટલાં સ્ટાર્ટઅપ્સ સ્ટોલ્સનું આયોજન કરવામાં આવ્યું છે.



વંદે ગુજરાત વિકાસયાત્રા અંતર્ગત હળમતિયા મંદિર ખાતે આયુષ્યમાન કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પનો મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# ગાંધીનગર જિલ્લા પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠક યોજાઇ

## મામલતદારશ્રીઓને પોતાના કાર્યક્ષેત્રમાં આવતી રેશનકાર્ડની દુકાનની મુલાકાત લેવી. તેમજ ત્યાં નિયમોનુસાર કાર્ય થાય છે કે નહિ તેની તપાસ કરવી

ગાંધીનગર, તા.૧૬ ગાંધીનગર જિલ્લા પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તથા જિલ્લા તકેદારી સમિતિની બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, રેશનકાર્ડ નામ દાખલ કરવા, નામ દુર કરવા, નામમાં સુધારો કરવા, રેશનકાર્ડ અલગ કરવા, ડુપ્લીકેટ રેશનકાર્ડ બનાવવા અને રેશનકાર્ડ નવા બનાવવાની કામગીરીને ખાસ પ્રાધાન્ય આપવું. આ તમામ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય છે કે નહિ તેની નોંધ લેવા તમામ તાલુકાના મામલતદારશ્રીઓને ભારપૂર્વક જણાવ્યું હતું. તેની સાથે સમયાંતરે મામલતદારશ્રીઓને પોતાના કાર્યક્ષેત્રમાં આવતી રેશનકાર્ડની દુકાનની મુલાકાત લેવી. તેમજ ત્યાં નિયમોનુસાર કાર્ય થાય છે કે નહિ તેની તપાસ કરવી. અનાજનો જથ્થો રેશનકાર્ડ ધારકોને નિયમિત મળે છે કે નહિ તે અંગેનો અભિપ્રાય પણ ગ્રામજનો પાસે લેવા જણાવ્યું હતું.

કલેકટરશ્રીએ આર.ટી.ઓ. કચેરીમાંથી મેળવેલ યાદીમાં ફોર વ્હીલર ધરાવતા હોય અને એન.એફ.એસ.એ. કાયદા હેઠળ લાભ મળવાપાત્ર ન હોય તેવા રેશનકાર્ડધારકોને નોન-એન.એફ.એસ.એ. કરવાની કામગીરીની વિગતો સંબંધિત અધિકારીશ્રીઓ પાસેથી માહિતી મેળવી હતી. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એ.આર.ઠક્કરે જણાવ્યું હતું કે, તા. ૦૨ થી ૦૯ જુલાઈ સુધીમાં રેશનકાર્ડ સંબંધિત કુલ- ૪૧૧ અરજીઓ જિલ્લામાં મળી છે. આ તમામ અરજીઓ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લામાં જુન માસ દરમ્યાન ઈ.એફ.પી.એસ અંતર્ગત ૯૬.૨૨ ટકા ઈ-ટ્રાન્ઝેકશન કરવામાં આવ્યું છે. રેશનકાર્ડ સાથે મોબાઈલ નંબર સામેલ કરવાની કામગીરી જિલ્લામાં ૫૩.૩૪ ટકા પૂર્ણ કરવામાં આવી છે. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ એપીએલ- ૧ અને ૨, બીપીએલ તથા અંત્યોદય અનુસારના રેશનકાર્ડ ધારકોની આંકડાકીય વિગતો રજૂ કરી હતી. તે પૈકીના એન.એફ.એસ.એ. કેટેગરીવાઈઝના રેશનકાર્ડની માહિતી પણ બેઠકમાં આપી હતી. રેશનકાર્ડ સાથે આધારકાર્ડ બિડાણમાં થયેલ કામગીરી, એન.એફ.એસ.એસ.એકટ અંતર્ગત ૈંહષ્ઠક્ક્ષ્જૈેહ/ ઈટષ્ઠક્ક્ષ્જૈેહની જુન- ૨૦૨૨ની વિગતો રજૂ કરી હતી.

આ બેઠકમાં કાનુની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા ગાંધીનગર ખાતે કરવામાં આવેલી કામગીરી અને ફરિયાદ અંગેની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જૂન માસ સુધી કરવામાં આવેલી કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.